વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

મંજુબેન અજીતસિંહ ભટ્ટી
(૧૯૫૧) ફોન. ૨૩૨ ૬૦૫૫૪

હંસાબેન લવ્યકુમાર જોષી
(૧૯૫૦) ફોન. ૨૩૨ ૩૦૮૭૬

ભાવનગર અને વલસાડમાં વરસાદ : શહેરમાં વિરામ

અમદાવાદ સહિત ગુજરાતમાં આજે વરસાદની આગાહી ભાવનગરમાં ૧૧.૮, વલસાડમાં ૪ મીમી વરસાદ થયો

અમદાવાદ, તા.૭

રાજ્યમાં આજે ભાવનગર, સુરત, વલસાડ અને મહુવામાં વરસાદ પડ્યો હતો. જોકે અમદાવાદમાં વરસાદે વિરામ રાખ્યો હતો.

અમદાવાદમાં દિવસ દરમિયાન આજે આકાશ વાદળછાયું રહ્યું હતું અને હવામાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી ઉકળાટ વધારે અનુભવાતો હતો. પરંતુ વરસાદ ન પડતા લોકો નિરાશ થયા હતા. આજે દિવસ દરમિયાન ભાવનગરમાં ૧૧.૮ મીમી, સુરતમાં ૨.૪ મીમી, વેરાવળમાં ૦.૩ મીમી, દિવમાં ૧.૧ મીમી, વલસડામાં ૪.૦ મીમી અને મહુવામાં ૪.૨ મીમી વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૬.૫ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૦ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૯ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૫૭ ટકા નોંધાયુ હતું.

રાજ્યમાં મહત્તમ તાપમાન વડોદરામાં ૩૫.૩, સુરતમાં ૩૧.૬, રાજકોટ ૩૪.૬, ભાવનગર ૩૬.૦, ગાંધીનગર ૩૬.૦, સુરેન્દ્રનગર ૩૬.૫, ભૂજ ૩૬.૨, નલીયા ૩૪.૨, ડિસા ૩૬.૮, ઇડર ૩૭.૨ ડિગ્રી નોંધાયું હતું.

મણીભદ્રવીર મહારાજની શહેરમાં વિધિવત્ સ્થાપના

સોલા રોડ શ્વેતાંબર મૂર્તિપૂજ જૈન સંઘ, નારણપુરા આજે આચાર્ય શીલરત્નસુરિશ્વર મ.સા.ની નિશ્રામાં જૈન સમાજના શ્રદ્ધાના કેન્દ્ર મણીભદ્ર વીર મહારાજની સ્થાપના કરવામાં આવી હતી. જૈન આચાર્ય શીલરત્નસુરિશ્વર મ.સા.એ જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં સમગ્ર જૈન સમાજમાં મણીભદ્ર વીર દાદાનું આગવું અને અનેરું મહત્વ છે. તેમના મુખ્ય સ્થાન મગરવાડા, આગલોડ અને ઉજ્જૈન આવેલા છે અને ત્યાં વીરદાદા તરીકે તેમના પિંડની પૂજા કરાય છે.

કોંગ્રેસ ઓફિસ પર યુવક કોંગ્રેસનાં કાર્યકરોની બેઠક યોજાઈ હતી અને દેખાવો કરવામાં આવ્યા હતાં.

આરોપીઓને પકડવા માટે કુલ બે ટીમો રવાના કરાઇ

અમદાવાદ, તા.૮

આઈસીઆઈસીઆઈ બેન્કનું મુંબઈ ખાતેનું સર્વર ક્લોન કરી ગ્રાહકોના રૂપિયા ૧૦ કરોડ ઉપાડી લેવાના કાવતરામાં મુખ્ય સુત્રધારની ધરપકડબાદ તેના સાગરીતોને પકડવા બે જુદી જુદી ટીમો રવાના કરાઇ છે.

વિગત એવી છે કે ક્રાંઇમ બ્રાંચે ગઇકાલે ઉત્તરપ્રદેશના વારણસીનો અને કોલકાતાની એમસીકેવીઆઇ એન્જિનિયરિંગ કોલેજના બીજા વર્ષના ડ્રોપ આઉટ એવા તબીબપુત્ર મનીષ વિજયકુમાર પાંડે (૨૫)ને પકડ્યો હતો.

મનીષે કબૂલાત કરી હતી કે વારણસીમાં આઇઆઇટી ટ્રેનિંગ સેન્ટર ખોલવા માંગતો હોવાની તેને રૂપિયા ૬થી ૭કરોડની જરૂર હતી. આ જરૂરિયાત પૂરી કરવા તેમણે સર્વર ક્લોન કરવાનું કાવતરું ઘડ્યું હતું. પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં પથરાયેલા આ હાઇપ્રોફાઇલ કાવતરાની વિગત એવી છે કે ફાંકડુ અંગ્રેજી બોલતા મનીષ પાંડે વારણસીમાં આઇઆઇટી ટ્રેનિગ ઇન્સ્ટીટ્યૂટ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓ ખોલવા માંગતો હતો.

પરંતુ તેના માટે રૂપિયા ૬થી ૭ કરોડની જરૂર હતી. કોમ્પ્યુટર અને ઇન્ટરનેટના વપરાશમાં નિષ્ણાંત એવા મનીષે પોતાના વડોદરાના એક મિત્ર અને આઇઆઇટીકાનપુરમાં ભણતા બે વિદ્યાર્થીઓને સાથે લઇને બેન્કના સર્વર ક્લોન કરી તેમાંથીગ્રાહકોની રકમ તફડાવવાનું કાવતરું રચ્યું હતું. જેમાં તેમણે આઇસીઆઇસીઆઇ બેન્કને પસંદ કરી હતી. કોરેક્સના પ્રોક્સી સર્વરનો ઉપયોગ કરી તેમણે અમદાવાદથી બેન્કનું સર્વર ક્લોન કરવાનો પ્રયાસ કર્યો હતો.

પરંતુ સિક્યોરિટી સિસ્ટમ અપગ્રેડ કરાઈ હોવાથી અને તે સમયે ગ્રાહોકાના ખાતામાંથી પૈસા ન હોવાથી તેઓ પૈસા તફડાવવામાં નિષ્ફળ રહ્યા હતા. આ અંગે જાણ થતાં જ ક્રાંઇમ બ્રાંચના ટેકનિકલ સેલના એસીપી કેએન પટેલને જાણ કરતા ઉન્સ્પેક્ટર કિરણ પટેલ અને સબઈન્સ્પેક્ટર ટીઆર ભટ્ટે ટેકનિકલ ટ્રેસિંગની મદદથી મનીષને લાલદરવાજાથી પકડી પાડ્યો હતો. જો કે તેના સાગરીતો હજી પણ નાસતા ફરતા હોય ક્રાંઇમ બ્રાંચની એક ટીમ વડોદરા અને બીજી ટીમ કાનપુર રવાના કરવામાં આવી છે.

ધરપકડ બાદ દિનેશ કલગીનો જામીન ઉપર થયેલો છૂટકારો

કલગીને કોર્ટમાં રજુ કરાતા પુછપરછનો સમય અપાયા બાદ જામીન પર છોડી દેવાનો આદેશ : અટકળોનો દોર

અમદાવાદ, તા.૮

ધ ગ્રેટ ગેમ્બલર દિનેશ કલગી આજે નાટ્યાત્મક રીતે નવરંગપુરા પોલીસે સમક્ષ હાજર થયા બાદ તેની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરવામાં આવી તેનો જામીન પર છુટકારો થયો છે. જો કે સાંજના સાત વાગ્યા સુધી પુછપરછ કરવાની કોર્ટે મંજુરી આપી હતી. પુછપરછ બાદ દિનેશ કલગીને જામીન પર છોડી મુકવામાં આવ્યો હતો.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે ગત તા.૨૯ના રોજ ઝોન-૧ ડીસીપી વી. ચંદ્રશેખરે સેટેલાઇટ, વસ્ત્રાપુર, નવરંગપુરા અને યુનિવર્સિટી પોલીસના ૫૦ અધિકારી, કર્મચારીઓ સાથે સુદામાં રિસોર્ટ ઉપરાંત કલગીના કલગી ફ્લોરિસ્ટ ઉપર દરોડો પાડ્યુ હતો. પોલીસના ધારણા કરતાં વધુ સફળતા મળી હતી. શુક્રવારે સાંજે ૬.૩૦ કલાકે શરૂ કરાયેલી કાર્યવાહી શનિવારે સાંજે સાડા પાંચ વાગ્યે એટલે કે ૨૩ કલાકે પુર્ણ થઇ હતી.

પોલીસની ટુકડીઓએ સુદામાં રિસોર્ટમાં દરોડો પાડ્યો ત્યારે ભોંયરામાં આવેલા હોલમાંથી ૮૪ જુગારીઓ પકડાયા હતા. જ્યારે ઉપરના મજલે આવેલા હોલમાંથી ૫૦ જુગારીઓ પકડી પાડવમાં આવ્યા હતા. જુગારના પટ ઉપરથી પાના-પત્તાની ૨,૬૫૨ કેટ ઉપરાંત પૈસાના બદલે વાપરવામાં આવતા પ્લાસ્ટીકના અગણિત કોઇન કબજે કરવામાં આવ્યા હતા. જુગારીઓને કા કોઇન સુદામા ક્લબના કીચનમાં પૈસા જમા કરાતા આપવામાં આવતા હતા.

કીચનમાંથી પૈસા સુદામા ક્લબથી થોડે દૂર ડીઇઓ કચેરી ચાર રસ્તા પાસેથી કલગી ફ્લોરીસ્ટ એટલે કે કલગી હાઉસમાં જમા થતા હોવાની વિગતો મળી હતી.

પાક્કી વિગતો સાથે પોલીસે બીજી ટૂકડી કલગી હાઉસમાં કાર્યવાહી કરી રહી હતી. પોલીસે કલગી હાઉસમાં હિસાબ-કિતાબ સંભાળતા આઠ શખ્સો પાસે રૂપિયા ૧૫.૨૫ લાખ ઉપરાંત ૨૩.૩૨ લાખના મુલ્યના ચેક અને ડીડીકબજે કર્યા હતા. ઉપરાંત, ફ્લેટો વાહનોની ૯૦ જેટલી ચાવીઓ ઉપરાંત હિસાબોના દસ્તાવેજો કબજે કરવામાં આવ્યા છે.

સુદામાં રિસોર્ટમાં જુગારના અડ્ડાનું સંચાલન કરવા કાઉન્ટર પરથી મળેલા જતીન બિપીનભાઇ પટેલ, હિતેશ ચંદુલાલ નાયક વિનોદ બાબુભાઇ શાહ તેમજ કલગી હાઉસના આઠ કર્મચારીઓની પુછપરછમાં મુખ્ય સુત્રધાર તરીકે કલગી તરીકે ઓળખાતાં સુદામા ક્લબના સંચાલકો મહેન્દ્ર પટેલ મુખી અને દિનેશ ઠક્કર જ જુગાર રમાડતા હોવાની વિગતો ખુલી હતી. બાદમાં મહેન્દ્ર પટેલ, દિનેશ ઠક્કર અને તેમનો મેનેજર રમેશ પ્રજાપતિ પલાયન થઇ ગયા હતા. તમામને શોધવાની કાર્યવાહી હાથ ધરાઇ હતી. દરમ્યાનમાં આજરોજ દિનેશ કલગી નવરંગપુરા પોલીસ મથકે હાજર થયો હતો. બાદમાં તેને કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. જ્યાં પોલીસે તેની પુછપરછ કરવાની માંગ કરી હતી. જેથી તેને સાંજના સાત વાગ્યા સુધી પુછપરછ કરવાની પરમીશન આપવામાં આવી હતી.

જો કે કલગીની પાસા હેઠળ ધરપકડ કરવા હજી સુધી પોલીસે કોઇ કાર્યવાહી કરી નથી.

સમાચાર ઝલક

- દેશની વસ્તીના પ્રમાણમાં ૮૫ % મોબાઇલ વપરાશકારો છે, ટ્રાઇની જાહેરાત.
- કલગીએ નવરંગપુરા પોલીસ સ્ટેશને આત્મ સમર્પણ કર્યું.
- ધાનેરામાં કોલેરા યથાવત્, ગાંધીનગરથી પાંચ ટીમના ધામા, ડોર ટુ ડોર નમૂના લેવાયા છે.
- દિલ્હીમાં મેટ્રો ટ્રેન એરપોર્ટ રૂટ બંધ, બાંધકામની ચકાસણી અર્થે રૂટ બંધ કરાયો છે.
- ફિલ્મ અભિનેતા દારાસિંઘ હોસ્પિટલમાં દાખલ, ૮૯ વર્ષીય અભિનેતાને બ્લડ પ્રેશરની તકલીફ.
- દિલ્હીમાં વિદેશી રૂસી મહિલા પર બળાત્કારનો પ્રયાસ.
- વાવાઝોડાના કારણે અમેરિકાના એક રાજ્યમાં હજુ અંધારપટ છે, મોટા પાયે નુકશાન થયેલ છે.
- અંબાલામાં મુશળધાર વરસાદ, જીવન વ્યવહાર ખોરવાયો.
- અફઘાનિસ્તાનને પગભર કરવા માટે જાપાનમાં વિદેશી દેશોની બેઠક.
- મુંબઇમાંથી ગુમ થયેલી બાળકી હરિદ્વારમાં મળી આવી, અપહરણકર્તા ઝડપાયો.
- અમરનાથમાં શ્રધ્ધાળુઓનો અદ્‌ભૂત ધસારો.
- બાંકા હાથીએ પાંચ વ્યક્તિઓને ભાગદોડમાં કચડી નાખ્યા.
- ક્રિકેટર સૌરવ ગાંગુલીનો આજે જન્મદિવસ, તેઓ ગાંગુલી ૪૦ વર્ષનાં થયા.
- લેલાખાનના મૃત્યુમાં નવો વળાંક આવે તેવી શક્યતા.
- ફિલ્મ અભિનેતા રાજેશ ખન્નાને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી.

પ્રાથમિક સુવિધાના પ્રશ્નો માટે આજે વિધિવત્ રજૂઆત કરશે

અમદાવાદ, તા.૮

અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી, ગટર, સફાઇ, રોડ, સ્ટ્રીટલાઇટ વગેરે પ્રાથમિક સુવિધાના પ્રશ્નોને મ્યુનિસિપલ સત્તાવાળાઓ નિકાલ લાવવામાં આવતો નથી. આ અંગે વારંવાર રજુઆતો કરવા છતાં કોઇ પગલાં લેવામાં આવતાં નહી હોવાથી આવતીકાલે તા.૯ જુલાઇના રોજ અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિનું પ્રતિનિધિ મંડળ પ્રજાના પ્રશ્નો માટે મ્યુનિસિપલ કમિશ્નરને આવેદનપત્ર સુપરત કરશે.

અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ પંકજ શાહે જણાવ્યું છે કે પ્રજા પોતાના અત્યંત જરૂરી પ્રશ્નો બાબતે વારંવાર વિસ્તારોમાં માસ્ટર સ્ટેશનો ઉપર ધક્કા ખાઇ-ખાઇને થાકી ચુકી છે છતાં પણ તંત્ર ઘોરનિન્દ્રામાં પોઢી રહ્યું છે. પ્રજાની સામાન્ય જરૂરીયાતો પુરી પાડવી તે સત્તાધારી પક્ષની ફરજ છે. પ્રજા પોતાની પરસેવાની કમાણીમાંથી સમયસર મ્યુનિ. ટેક્ષ ચુકવતી હોય છે જો થોડો સમય પણ વધારે લાગે તો તેમને વ્યાજ ભરપાઇ કરવું પડતું હોય છે છતાં પણ પ્રાજની પ્રાથમિક સુવિધાઓ સત્તાધારી પક્ષ પુરી ન પાડી શકે તે આ પ્રજા હવે ચલાવી લેશે નહી. પ્રજાના આવા અસંખ્ય પ્રશ્નો જેવા કે રોડ-રસ્તા, ગટર, લાઇટ, પીવાનું શુદ્ધ પાણી વિગેરેને વાંચા આપવા માટે અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પુર્વ નાયબ મુખ્યમંત્રી નરહરિ અમીનની આગેવાની હેઠળ અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિનું પ્રતિનિધિ મંડળ પ્રજાનાં પ્રશ્નો લઇને તા. ૯-૭-૨૦૧૨નાં રોજ બપોરે ૩.૦૦ વાગ્યે મ્યુનિ. કમિશ્નરને આવેદનપત્ર આપવા જશે.

ગુજરાતનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ ટાઉનહોલમાં આયોજિત એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે પહોંચ્યા હતાં.

શબ્દાવલી - ૪૭૮૨

૧	૨	૩		■	૪	■	૫
૬			■	૭		■	
૮		■	૯			૧૦	
	■	૧૧			■		■
■	૧૨			■	૧૩		૧૪
૧૫			■	૧૬	■	૧૭	
૧૮			■	૧૯	૨૦	■	
૨૧		■	૨૨				

આડી ચાવી

૧. આત્મહત્યા (૪)
૬. તંબુ, ટેન્ટ (૩)
૭. કાચનો ચા પીવાનો પ્યાલો (૨)
૮. પૈસા-રૂપિયા-સંપત્તિ (૨)
૯. શૂરવીર, ધૈર્યવાન (૫)
૧૧. મરે નહિ તેવું (૩)
૧૨. પુષ્પ, ફૂલ (૩)
૧૩. પ્રેકટીસ (૩)
૧૫. ગોદામ (૩)
૧૭. પાર્વતી, ઉમા (૨)
૧૮. કર, વેરો (૩)
૧૯. ડોશી, વૃધ્ધ સ્ત્રી (૨)
૨૧. ... આંખે દેખાય તેવું, કોઇ પણ ઉપકરણ વિના દેખાય તેવું (૨)
૨૨. જડસુ, સજ્જડ (૫)

ઊભી ચાવી

૧. અર્ચન-પૂજા, સાધના (૪)
૨. વાયરો, હવા (૩)
૩. ઘર..., રામો (૨)
૪. તાંબુ (૨)
૫. શિકારી (૩)
૭. કેડ, કટિપ્રદેશ (૩)
૯. મોજ-મસ્તી, અમન... (૩)
૧૦. બંધાયેલું (૪)
૧૧. અમૃત (૪)
૧૨. સુખ આપે તેવી યોજના (૪)
૧૪. ... આપવી, જામીન થવું (૪)
૧૫. ભાર, બોજો (૩)
૧૬. દરવાજો, બારણું (૩)
૨૦. જીહ્વા (૨)

શબ્દાવલી ૪૭૮૧ના જવાબ

આડી ચાવી :- (૧) એકટાણા (૪) મસાલો (૬) તડપ (૭) પાનો (૮) સીટી (૧૦) હડપ (૧૧) રવ (૧૩) ખપ્પર (૧૪) ગોકુળ (૧૬) તાગ (૧૮) વખ (૧૯) હાનિકર્તા (૨૧) પીવુ (૨૨) વાડકા (૨૩) હકાલપટ્ટી

ઊભી ચાવી :- (૧) એતબાર (૨) કડ (૩) ટાપસી (૪) મનોહર (૫) લોકપ (૯) ટીખળ (૧૨) વગોવવું (૧૫) કુખ (૧૬) તાક (૧૭) ગર્તા (૧૯) હાડકાં (૨૦) નિકાલ (૨૧) પીઢ (૨૨) વાહ

આયુર્વેદિક દવાખાના આરંભાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પદ્ધતિને વધુ લોકાભિમુખ બનાવવા માટેનું પણ આયોજન હાથ ધરવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિને વધુ પ્રોત્સાહિત કરવા માટે કેન્દ્ર સરકારે પણ વધુ ભાર મુક્યો છે ત્યારે રાજ્ય સરકારે આ અભિગમને આગળ ધપાવવા માટે વધુ ત્રણ દવાખાના મંજૂર કર્યા છે.

જિલ્લામાં આયુર્વેદના ત્રણ દવાખાનાઓ મંજૂર થતાં આરોગ્ય સેવાઓનું સઘનીકરણ થશે.

ચુડવેલનો ઉપદ્રવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નથી પણ તે મોટા સમુહમાં હોય છે અને તેને કારણે ઘરમાં રહેવુ એક સમસ્યા બની જતી હોય છે.

આ જીવત જ્યાં જુઓ ત્યાં મકાનની છત-દિવાલ, આંગણામાં પથરાઈ જતાં ગૃહિણીઓ સાફ-સફાઈ કરવામાં ચીતરી ચડી જતાં ભારે હાલાકી ભોગવી રહ્યા છે. અમુક સ્થળે પગ મુકવાની જગ્યા રહેતી ન હોવાથી ખુબ જ સાવધાનીથી ચાલવા છતાં જીવાત પગ નીચે આવતાં ક્યાં પગ મુકવો તે મુશ્કેલ બન્યુ છે. આ જીવાતનું નિર્માણ થતાં કુદરતી પ્રકોપનો જીવાતના ઉપદ્રવ કુદરતી રીતે શમી જાય તેવી પ્રાર્થના ગ્રામજનો કરી રહ્યા છે.

ડ્રેનેજ લાઈનની સફાઈ

● અનુસંધાન ચેલ્લાનું ચાલુ

જો એક સાથે ચાર-પાંચ ઈંચ વરસાદ વરસશે તો સ્થિતિ વિકટ બનશે. તેમાંય ઓછા સમયમાં વધુ વરસાદ પડશે તો જળબંબાકારની સ્થિતિ સર્જાશે. ખાસ કરીને ઘ-૫, સેક્ટર-૨૨, સેક્ટર-૨૪ જેવા વિસ્તારોની હાલત ખરાબ થશે. તંત્રએ આ બાબતને ગંભીરતાથી લઈ તુરંત જ સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈનમાં ફસાઈ ગયેલો કચરો, પ્લાસ્ટીકની થેલીઓ અને માટી કાઢવાનુ અભિયાન શરૂ કરવુ જોઈએ. પાણી પહેલા પાળ બાંધવી જરૂરી થઈ ગઈ છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

મોદીને કોંગીના સર્ટીફિકેટની કોઈ પણ જરૂર નથી : ભાજપ

ગુજરાતની પ્રજા કોંગ્રેસના નિવેદનના નાટકને ક્યારે પણ માનવાની નથી : કોંગ્રેસ વાણી વિલાસ બંધ કરે : જાડેજા

અમદાવાદ, તા.૮

ભાજપાના પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજાએ કોંગ્રેસના નેતાઓને પોતાનું ઘર સાચવવાની મથામણ કરવા અને ગામની ચિંતા છોડવા અપીલ કરતા જણાવ્યું હતું કે દેશની એકતા અને અખંડિતતાના પ્રહરી સ્વ. સરદાર વલ્લભભાઇ પટેલ, ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકર, કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ રાખનાર બલિદાની ડૉ. શ્યામપ્રસાદ મુખર્જી, યુવાનોના પ્રેરણાના સ્ત્રોત સ્વામી વિવેકાનંદજીના છાશવારે અપમાન કરનાર કોંગ્રેસ પાર્ટી છે તે સમગ્ર ગુજરાત રાજ્ય અને સમગ્રભારત જાણે છે.

તેમણે અર્જુન મોઢવાડીયાના વાણી-વિલાસને વખોડતા જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય વિકાસને અને સેવાને સમર્પિત મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને તમારા સર્ટિફિકેટની જરૂર નથી. ગુજરાતની ૬ કરોડ પ્રજા અને દેશ-વિદેશની વિકાસ અને પ્રગતિને વરેલી પ્રજા તમારા ઈતિહાસના ઓછા જ્ઞાનને અને નિવેદનના નાટકને ક્યારેય માનવાની નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગાંધી-સરદાર-સુભાષની કોંગ્રેસ રાષ્ટ્રને માટે લડનારી હતી. મહાત્મા ગાંધીજી આઝાદી મળી ત્યારે જ વારસદારોને પારખી ગયા હતા અને કોંગ્રેસને વિખેરી નાંખવાની હિમાયત કરી હતી તે ઈતિહાસને પાને છે.

તેમણે અંતમા જણાવ્યું છે કે દેશમાં કોંગ્રેસના ભ્રષ્ટાચાર, મોંઘવારી તેમજ આર્થિક અસ્થિરતાને પરિણામે પ્રજા પરેશાન થઈ ગઈ છે અને કોંગ્રેસનો સફાયો થવાનો નક્કી છે ત્યારે મોઢવાડીયા પોતાના ઘરને સાચવે, ગુજરાત ગૌરવને દેશ-દુનિયામાં પ્રસ્થાપિત કરનાર મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પેંગડામાં પત્ર ભરાવવાની ચેષ્ટાથી દૂર રહે.